1. આંકડાકીય માહિતીના પ્રકાર લખો.

➢ આંકડાકીય માહિતી બે પ્રકારની છે : (1) ગુણાત્મક અને (2) માત્રાત્મક.

2. કુદરતી તત્ત્વો કયાં કયાં છે?

➢ ભૂપૃષ્ઠનાં વિવિધ સ્વરૂપો, ખનીજો, વનસ્પતિ, પ્રાણીઓ, જમીન, પર્વત, સમુદ્ર, નદીઓ વગેરે કુદરતી તત્ત્વો છે.

3. માહિતી સ્રોતના પ્રકાર કયા કયા છે ?

➢ માહિતી શોતના બે પ્રકાર છે : (1) પ્રત્યક્ષ અને (2) પરોક્ષ ,

4. ક્ષેત્રકાર્ય એટલે શું?

➢ માહિતી એકત્ર કરવા વ્યક્તિ જેતે પ્રદેશની પ્રત્યક્ષ મુલાકાત લે છે, તેને થોત્ર કાર્ય કહે છે,

5. પ્રશ્નાવલીના ઉત્તર આપનારને શું કહે છે?

➢ પ્રશ્નાવલીના ઉત્તર આપનારને ઉત્તરદાતા (પ્રતિભાવી) કહે છે,

6. દ્વિતીયક માહિતી એટલે શું?

➢ કોઈ વ્યક્તિ પોતાના અભ્યાસ માટે અન્ય વ્યક્તિ કે સંસ્થા દ્વારા એકત્ર કરવામાં આવેલી અને પ્રસિદ્ધ કરાયેલી માહિતીનો ઉપયોગ કરે ત્યારે તે માહિતીને દ્વિતીયક માહિતી કહે છે.

7. 'નાટમો' સંસ્થા ક્યાં આવેલી છે?

➢ નાટમો સંસ્થા કોલકાતામાં આવેલી છે.

8. આંકડાકીય માહિતીનું વિશ્લેષણ કેટલા તબક્કામાં થાય છે?

➢ આંકડાકીય માહિતીનું વિશ્લેષણ બે તબક્કામાં થાય છે : (1) માહિતીનું એકત્રીકરણ અને (2) માહિતીનું વર્ગીકરણ. (12) સંપાદન(Editing)નો લાભ જણાવો. સંપાદનથી માહિતીનું કદ ઘટાડી શકાય છે અને તેનું માળખું સુગ્રથિત બનાવી શકાય છે.

9. વર્ગીકરણ એટલે શું?

➢ સંપાદિત કરેલા આંકડા(માહિતી)ને જુદા જુદા ઢાંચામાં ગોઠવવામાં આવે ત્યારે તેને વર્ગીકરણ કહે છે.

10. સંપાદિત કરેલી માહિતીને વર્ગીકૃત કરતાં કઈ બાબતોનું ધ્યાન રાખવું પડે?

➢ સંપાદિત કરેલી માહિતીને વર્ગીકૃત કરતી વખતે તે માહિતીનો સમયગાળો, તેની પ્રાદેશિકતા, ગુણવત્તા અને વ્યાપકતા વગેરે બાબતોનું ધ્યાન રાખવું પડે.

11. સંપાદિત કરેલી માહિતીને વર્ગીકૃત કરતાં કઈ બાબતોનું ધ્યાન રાખવું પડે?

- સંપાદિત કરેલી માહિતીને વર્ગીકૃત કરતી વખતે તે માહિતીનો સમયગાળો, તેની પ્રાદેશિકતા, ગુણવત્તા અને વ્યાપકતા વગેરે બાબતોનું ધ્યાન રાખવું પડે.

12. આલેખ એટલે શું?

- આલેખ એ આંકડાનું દશ્યમાન અને ચિત્રાત્મક સ્વરૂપ છે.

13. પ્રસારમાન (Measures of Dispersion) કોને કહે છે?

- પ્રસારના માપને પ્રસારમાન કહે છે.

14. આંકડાકીય માહિતીની તુલના કરવા માટે કઈ પદ્ધતિઓનો ઉપયોગ થાય છે ?

- આંકડાકીય માહિતીની તુલના કરવા માટે (1) મધ્યવર્તી સ્થિતિના માપદંડો (મધ્યક, મધ્યસ્થ , બહુલક),(2) પ્રસાર અને (3) સહસંબંધ વગેરે પદ્ધતિઓનો ઉપયોગ થાય છે.

15. ચિત્રાત્મક આલેખની વિશેષતા કઈ છે?

- ચિત્રાત્મક આલેખમાં જે વિગતને લગતા આંકડા હોય તે વિગતનું સૂચન તેના ચિત્રની સંજ્ઞા દ્વારા કરવામાં આવે છે. જેમ કે કોઈ પ્રદેશની વરતી દર્શાવવા માટે માનવીનું ચિહ્ન આપી શકાય છે.

16. મધ્યવર્તી સ્થિતિનાં ત્રણ માપ કયાં છે ?

- મધ્યવતી સ્થિતિના ત્રણ માપ : (1) મધ્યક (Mean), (2) મધ્યસ્થ (Median) અને (3) બહુલક (Mode),

17. ત્રિપરિમાણીય આલેખના પ્રકાર કયા છે?

- ત્રિપરિમાણીય આલેખના ત્રણ પ્રકાર છે : (1) ઘન ગોળો આલેખ, (2) ઘન ચોરસ આલેખ અને (3) બ્લોક પાઇલ્સ આલેખ.

18. દ્વિપરિમાણીય આલેખના પ્રકાર લખો.

- દ્વિપરિમાણીય આલેખના ત્રણ પ્રકાર છે : (1) વર્તુળ આલેખ, (2) ચોરસ આલેખ અને (3) લંબચોરસ આલેખ..

19. એક પરિમાણીય આલેખના પ્રકાર જણાવો..

- એક પરિમાણીય આલેખના બે પ્રકાર છે : (1) રેખા (Line) અને (2) સ્તંભ (Bar) આલેખ.

20. આલેખના પ્રકાર જણાવો.

- સ્તંભ આલેખ, રેખા આલેખ અને વર્તુળ આલેખ વગેરે આલેખના પ્રકાર છે,

21. આલેખ તૈયાર કરવાનો મુખ્ય હેતુ કયો છે?

- આકડાનું અર્થઘટન કરવામાં સરળતા રહે તે આલેખ તૈયાર કરવાનો મુખ્ય હેતુ છે.

22. ત્રિપરિમાણીય આલેખ એટલે શું? (March 19)

- જ્યારે આંકડાનું કદ ઘણું મોટું હોય ત્યારે તેને ત્રણ પરિમાણ દર્શાવતી સંજ્ઞાઓ દ્વારા ચિત્રાત્મક સ્વરૂપમાં તૈયાર કરવામાં આવતા આલેખને ત્રિપરિમાણીય આલેખ કહે છે..

23. માહિતીની તીવ્રતા અથવા ગીચતા દર્શાવવા માટે કઈ પદ્ધતિનો ઉપયોગ થાય છે? (July 18)

- માહિતીની તીવ્રતા અથવા ગીચતા દર્શાવવા માટે રંગછાયા પદ્ધતિનો ઉપયોગ થાય છે.

24. ભારતમાં કઈ કઈ સંસ્થાઓ સ્થળવર્ણનના નકશા તૈયાર કરે છે ? તે ક્યાં આવેલી છે? (March 18)

- દેહરાદુન(ઉત્તરાખંડ)માં આવેલી ‘ધી સર્વે ઑફ ઇન્ડિયા’ અને કોલકાતામાં આવેલી ‘નાટમો’ ભારતમાં સ્થળવર્ણનના નકશા તૈયાર કરે છે.